# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-07-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

****************************************************

1) બે દિવસ સુધી દક્ષિણ ગુજરાતને ધમરોળ્યા બાદ મેઘરાજા ઉત્તર ગુજરાતમાં વરસ્યા-બનાસકાંઠા ગાંધીનગર અને અમદાવાદમાં આજે રેડ એલર્ટ.
2) મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી.
3) ભારે વરસાદની સ્થિતિ વચ્ચે રાજ્યમાં 6 હજાર 700થી વધુ નાગરિકોને બચાવી લેવાયા.
4) કેન્દ્રીય મંત્રીમંડળે પેપર લીક અને પરીક્ષામાં ગેરરીતિના કેસોમાં કડક સજા સુનિશ્ચિત કરવા માટેના મુસદ્દા ખરડાને મંજૂરી આપી.
5) રાજ્યકક્ષાની જુનિયર હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં બોટાદના વિદ્યાર્થીઓએ કાંસ્ય ચંદ્રક જીત્યો.

---

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT RAIN

બે દિવસ સુધી દક્ષિણ ગુજરાતને ધમરોળ્યા બાદ મેઘરાજા આજે ઉતર ગુજરાત પર મહેર કરી છે. પાટણ જિલ્લાના રાધનપુરમાં સૌથી વધુ 9 ઇંચ જેટલો વરસાદ ખાબક્યો જ્યારે વાવ-થરાદ જિલ્લાના ભાભર અને દિયોદરમાં પણ પોણા સાત ઇંચ વરસાદ નોંધાયો. ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. આ અંગે રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોરે જણાવ્યું , ભારે વરસાદ સામે તંત્રએ તમામ તૈયારીઓ કરી છે.

(BYTE: SWAROOPJI THAKOR, MINISTER OF STATE)

બીજી તરફ વરસાદને કારણે વલસાડમાં 4 લોકોના મોતના અહેવાલ છે જ્યારે ખેડા જિલ્લાના મોતીપુરા ગામ પાસે કાર ગરનાળામાં ખાબકતા 4 લોકોના મોત નિપજ્યા છે. ભારે વરસાદને કારણે અરવલ્લી જિલ્લાના સુનોખનો ક્રોઝવે છલકાતા વાશેરા કંપા, ખીલોડા અને ભાટવાસ તરફનો માર્ગ બંધ થઈ ગયો છે.

અમદાવાદ શહેરમાં વરસાદને પગલે બંધ કરાયેલા કેટલાક અંડરપાસ અવરજવર માટે ફરી શરૂ કરાયા છે. જેમાં ઈન્કમટેક્સ અંડરપાસ , ઉસ્માનપુરા અંડરપાસ, નિર્ણયનગર અંડરપાસ, પ્રગતિનગર અંડરપાસ સંપૂર્ણ કાર્યરત છે. જ્યારે મીઠાખળી અંડરપાસની એક બાજુ કાર્યરત છે. વધારે વરસાદની સ્થિતિમાં નવરંગપુરા રેલવે ક્રોસિંગ , નારણપુરા રેલવે ક્રોસિંગ , વિજય રેલવે ક્રોસિંગનો ઉપયોગ કરવા જણાવાયું છે.

# CM-DYCM VISIT

મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ આજે ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના બોપલ પહોંચી સ્થિતિનું નિરીક્ષણ કર્યું. તેમણે રાહત અને બચાવ કામગીરીને વધુ ઝડપી બનાવવા તેમજ જરૂરી માનવબળ , સાધનો અને વ્યવસ્થાઓ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવા અધિકારીઓને સૂચનાઓ પણ આપી.

દરમિયાન, વલસાડની મુલાકાતે પહોંચેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારમાં કેશ ડોલની સહાય માટે આજથી સર્વે શરૂ કરાશે. તેમણે નુકસાનીના દાવા વહેલી તકે મંજૂર થાય તે માટે વીમા કંપનીઓને માનવતાના ધોરણે ટીમો વધારી ઝડપથી સર્વે પૂર્ણ કરવા તાકીદ પણ કરી.

(BYTE: HARSH SANGHVI, DYCM)

# DGP SEOC

રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે આજે ગાંધીનગર ખાતેથી રાહત-બચાવ કામગીરીની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરી. તેમણે સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતેથી વીડિયો કોન્ફરન્સ યોજી તમામ પોલીસ કમિશનરો, રેન્જ IG અને SPને સતર્ક રહેવા સૂચના પણ આપી. શ્રી મલિકે જણાવ્યું હતું કે નાગરિકોની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને પોલીસ તથા વહીવટી તંત્ર એક ટીમ બનીને અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત કામગીરી કરી રહ્યા છે.

**(BYTE: G.S. MALIK- DGP)**

# NDRF-SDRF RESQUE

રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિ વચ્ચે 6 હજાર 766થી વધુ નાગરિકોને બચાવી લેવાયા છે. જ્યારે 40 હજાર 6 65 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે કોઈપણ કટોકટીને પહોંચી વળવા વિવિધ જિલ્લામાં NDRF-SDRFની કુલ 49 ટીમો અને ભારતીય સેનાની 6 ટીમ અમદાવાદ , નવસારી અને વલસાડમાં તૈનાત કરાઇ છે.

દરમિયાન નવસારી જિલ્લામાં 14 હજારથી વધુ લોકોનું સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરાયું છે. મેંઢાર ગામમાં ફસાયેલા કેટલાક લોકોને ભારતીય તટ રક્ષકે હવાઈ માર્ગે બચાવ્યા. અમદાવાદ જિલ્લાના બાવળા સ્થિત રજોડા ખાતે પાણી ફસાયેલી 45 દીકરીઓને ભારતીય સેનાએ બચાવી સુરક્ષિત સ્થળે ખસેડી. જ્યારે ધોળકા, વિરમગામ અને ધંધુકામાં 430થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર , 40 લોકોને બચાવાયા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# TRAIN CANCLE

ભારે વરસાદને કારણે રાજ્યમાં રેલવે સેવાઓ પ્રભાવિત થઈ છે. આવતીકાલની ગાંધીધામ - શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સર્વોદય એક્સપ્રેસ ગાંધીધામ-અમદાવાદ વચ્ચે રદ કરાઇ છે. આજની ભુજ - બરેલી આલા હઝરત એક્સપ્રેસ નો નિર્ધારિત પ્રસ્થાન સમય સાંજે સવા ચાર વાગ્યાને બદલે રાત્રે 10 વાગ્યેને 5 મિનિટનો રહેશે. અને તે સામખિયાળી - રાધનપુર - ભીલડી - પાલનપુર રૂટ થઈને ચાલશે.

બીજી તરફ ભાવનગર ડિવિઝનમાં આવતી 26 જુલાઈની દાદર પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેન સંપૂર્ણ રદ્દ કરાઇ છે , જ્યારે વેરાવળ ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ સુરેન્દ્રનગર જંકશન અને ગાંધીનગર કેપિટલ વચ્ચે અંશતઃ રદ્દ રહેશે.

મુસાફરોને મુસાફરી શરૂ કરતા પહેલા તેમની ટ્રેનની નવીનતમ સ્થિતિ તપાસવા રેલવે વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# WEATHER FC

રાજ્યના વિવિધ જિલ્લામાં આજે ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. અમદાવાદ, ગાંધીનગર, વાવ-થરાદ, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, આણંદ અને ખેડા જિલ્લામાં રેડ એલર્ટ અપાયું છે. જ્યારે કચ્છ , જામનગર, ભાવનગર, રાજકોટ, અમરેલી અને બોટાદ ઉપરાંત દક્ષિણ ગુજરાતના કેટલાંક જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની પણ શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

**(BYTE: DR. A.K. DAS, DIRECTOR)**

ગાંધીનગર જિલ્લામાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખતા પૂરતી સાવચેતી રાખવા અને કોઈ પણ વ્યક્તિએ બિનજરૂરી રીતે ઘરની બહાર ન નીકળવા જિલ્લા કલેક્ટર રવિન્દ્ર ખતાલેએ અપીલ કરી છે.

**(BYTE: RAVINDRA KHATALE, COLLECTOR)**

ભારે વરસાદને પગલે અમદાવાદની શાળા કોલેજો , મહેસાણા જિલ્લાની તમામ શાળાઓ અને ગીર સોમનાથ જિલ્લાની આંગણવાડીમાં આવતીકાલે રજા જાહેર કરાઇ છે.

# CABINET- BILL ON PAPER LEAK

કેન્દ્રીય મંત્રીમંડળે આજે ફાસ્ટ-ટ્રેક કોર્ટ સ્થાપવા અને પેપર લીક અને પરીક્ષામાં ગેરરીતિના કેસોમાં કડક સજા સુનિશ્ચિત કરવા માટેના મુસદ્દા ખરડાને મંજૂરી આપી. સંસદ ભવનના સંકુલમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં આ મુસદ્દાને મંજૂરી આપવામાં આવી. પ્રસ્તાવિત કાયદો આવતા અઠવાડિયે સંસદમાં રજૂ થવાની શક્યતા છે.

શ્રી મોદીએ ગઈકાલે એક વીડિયો સંદેશમાં જાહેરાત કરી હતી કે પેપર લીક સામે કડક કાર્યવાહીની જોગવાઈઓ ધરાવતો ખરડો સંસદમાં રજૂ કરવામાં આવશે.

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 136મી કડી હશે.

નાગરિકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાનો અભિપ્રાય મોકલી શકે છે. નાગરિકો 1922 પર મિસ્ડ કોલ આપી SMSમાં મળેલી લિંકને અનુસરીને સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો મોકલી શકે છે. આ કડી માટે સૂચનો આજે રાત્રે 12 વાગ્યા સુધી સુધી મોકલી શકાશે.

# HANDBALL BRONZE MEDAL

જુનિયર હેન્ડબોલ સ્ટેટ ચેમ્પિયનશિપમાં બોટાદની શ્રી આદર્શ વિદ્યાલય જિલ્લા સ્તરીય રમતગમત શાળાએ શાનદાર પ્રદર્શન કર્યું છે. અમદાવાદ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં આ શાળાના ખેલાડીઓએ કાંસ્ય ચંદ્રક જીતી લીધો છે. આ સિદ્ધિ સાથે શાળાએ માત્ર પોતાનું જ નહીં પરંતુ સમગ્ર બોટાદ જિલ્લાનું અને જિલ્લા રમત વિકાસ પ્રશિક્ષણ કેન્દ્રનું પણ ગૌરવ વધાર્યું છે.

રાજ્યભરની ટીમો વચ્ચે યોજાયેલી આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં બોટાદના ખેલાડીઓએ શરૂઆતથી જ આત્મવિશ્વાસભર્યું પ્રદર્શન કર્યું હતું. લીગ તબક્કામાં સતત સારું પ્રદર્શન કરીને ટીમે સેમિફાઇનલ સુધીનો સફર સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. અંતે કાંસ્ય પદક જીતતા ખેલાડીઓની મહેનત અને ટીમવર્કને યોગ્ય પરિણામ મળ્યું.

# GPSC EXAM

ભારે વરસાદને કારણે રવિવારે યોજાનાર ગુજરાત જાહેર સેવા આયોગની જુદી જુદી 34 ભરતીની સામાન્ય અભ્યાસની પ્રાથમિક પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે . ઉલ્લેખનીય છે કે આ પ્રાથમિક કસોટી રાજ્યમાં થયેલા ભારે વરસાદને કારણે મળેલી ઉમેદવારોની રજૂઆત અને ધ્યાને લઈ આપતા આ નિર્ણય લેવામાં આવે છે . આ પરિક્ષાની નવી તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.